Hello Kids.

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

અંધારા ઓરડાની બીક અને અજવાળાનો દીવો

એક સુંદર ગામ હતું. એ ગામમાં વિવાન નામનો એક દસ વર્ષનો નાનો છોકરો રહેતો હતો. વિવાન આમ તો ખૂબ હોશિયાર, ભણવામાં આગળ અને આખો દિવસ રમવામાં મસ્ત રહેનારો બાળક હતો. એ બધા સાથે હસી-ખુશી રહેતો, પણ એના જીવનમાં એક એવી વાત હતી જેનાથી એ ખૂબ પરેશાન રહેતો હતો–અને એ વાત હતી 'અંધારાનો ડર'.

વિવાનને દિવસના સમયે કે રમતી વખતે ક્યારેય કોઈ જ સમસ્યા નહોતી થતી, પણ જેવી સાંજ પડતી અને સૂર્ય દાદા આથમી જતા, એટલે વિવાનના ચહેરાનો રંગ બદલાઈ જતો. ઘરના કોઈ અંધારા ખૂણામાં જવાનું થાય, દાદીમા રસોડામાં કે પાછળના સ્ટોરરૂમમાંથી કઈ વસ્તુ લેવા મોકલે, કે પછી રાત્રે સૂતી વખતે લાઈટ બંધ થાય એટલે વિવાનના શ્વાસ અધ્ધર થઈ જતા. એને એમ લાગતું કે અંધારાની ઓ રિ જિ ન લ દુનિયામાં કોઈ અજાણી, ડરામણી શક્તિ કે રાક્ષસ છુપાયેલો બેઠો છે, જે અચાનક બહાર આવીને એને પકડી લેશે. એ ડરના લીધે એ રાત્રે પથારીમાં પણ ધ્રૂજવા લાગતો અને હંમેશા મમ્મી-પપ્પાને બાજુમાં વળગીને સૂતો. એક દિવસની વાત છે. ચોમાસાની સાંજે અચાનક વીજળી ગુલ થઈ ગઈ (લાઈટ વહી ગઈ). આખું ઘર અને આખો ઓરડો ઘાટ્ટા અંધારામાં ડૂબી ગયો. બહાર કાળી ડિબાંગ રાત જેવું વાતાવરણ થઈ ગયું. વિવાન સોફા પર બેઠો હતો અને અંધારું થતાં જ એનો જીવ ગભરાવા લાગ્યો. એને ઓરડાના ખૂણામાં ડરામણા પડછાયા હલતા દેખાવા લાગ્યા. એણે ડરના આંખો બંધ કરી દીધી અને જોર-જોરથી રડવા જેવો થઈ ગયો. એટલામાં એની મમ્મી રસોડામાંથી હાથમાં એક નાનો દીવો (માટીનો દીવો) લઈને બહાર આવી. એણે એ દીવો ઓરડાના ટેબલ પર મૂક્યો. જેવો દીવાનો નાનો, સોનેરી પ્રકાશ ફેલાયો, કે આખો ઓરડો ઝળહળી ઉઠ્યો. દીવાના અજવાળાથી ઓરડાના ખૂણામાં જે ડરામણા પડછાયા દેખાતા હતા, તે ક્ષણભરમાં અદ્રશ્ય થઈ ગયા. ઓરડાની દિવાલો અને વસ્તુઓ ફરીથી સ્પષ્ટ દેખાવા લાગી.

મમ્મીએ વિવાનનો ધ્રૂજતો હાથ પકડ્યો, એને પોતાની પાસે સોફા પર બેસાડ્યો અને વહાલથી એના કપાળ પર હાથ ફેરવતા સમજાવવા લાગી:

"મારા વહાલા દીકરા વિવાન, તું આટલો હોશિયાર થઈને આ નાની વાતથી કેમ ડરે છે? અંધારો કોઈ જીવ કે રાક્ષસ નથી જે તને નુકસાન પહોંચાડે. અંધારો એટલે ફક્ત અજવાળાની ગેરહાજરી. જેમ આપણે દિવસના સમયે આંખો બંધ કરીએ ત્યારે ચારે બાજુ અંધારું થઈ જાય છે, એમ જ જ્યારે સૂર્ય દાદા જતા રહે છે ત્યારે બહાર અંધારું થાય છે. આ અંધારામાં કોઈ ડર જેવું હોતું જ નથી. આ તો ફક્ત આપણા મનની કલ્પનાઓ છે, જે આપણે ડરના લીધે જાતે જ ઊભી કરીએ છીએ." મમ્મીની આ પ્રેમાળ અને સમજદારીભરી વાત વિવાનના નાના મનમાં બરાબર ઉતરી ગઈ. એણે પહેલીવાર ગંભીરતાથી વિચાર્યું કે જે વસ્તુ વાસ્તવમાં અસ્તિત્વમાં જ નથી, જેના માત્ર વિચારો જ આપણે ડરાવે છે, એનાથી ડરવું નકામું છે. બીજા દિવસથી વિવાને એક નવો પ્રયોગ કરવાનું શરૂ કર્યું. જ્યારે પણ એને સાંજે કે અંધારામાં કોઈ અજાણ્યો ડર સતાવતો, ત્યારે એ મનમાં સકારાત્મક વિચારો લાવવા લાગતો. એ મનોમન બોલતો, "અંધારો માત્ર અજવાળા વગરની ખાલી જગ્યા છે, અહીં કોઈ ડર નથી." અને તરત જ રૂમની લાઈટ ચાલુ કરી દેતો અથવા દીવો પ્રગટાવી દેતો.

મમ્મીની આ પ્રેમાળ અને સમજદારીભરી વાત વિવાનના નાના મનમાં બરાબર ઉતરી ગઈ. એણે પહેલીવાર ગંભીરતાથી વિચાર્યું કે જે વસ્તુ વાસ્તવમાં અસ્તિત્વમાં જ નથી, જેના માત્ર વિચારો જ આપણે ડરાવે છે, એનાથી ડરવું નકામું છે

દુનિયાનો એકમાત્ર દેશ, જેનું નામ અંગ્રેજીના અક્ષર 'W'થી થાય છે શરૂ

જનરલ નોલેજ સંબંધિત ઘણાં એવા સવાલ હોય છે, જેનો જવાબ જાણીને લોકો નવાઈમાં પડી જતા હોય છે. આવો જ એક સવાલ છે કે દુનિયામાં કયો એવો દેશ છે, જેનું નામ અંગ્રેજીના અક્ષર 'W'થી શરૂ થાય છે. આ સવાલના જવાબમાં મોટાભાગના લોકો વેસ્ટ ઇન્ડિઝનું (West Indies) નામ લેતા હોય છે, પરંતુ આ સાચો જવાબ નથી. વેસ્ટ ઇન્ડિઝ કોઈ એક દેશનું નામ નથી, પરંતુ ઘણાં દેશો અને દ્વીપો મળીને બનેલો એક વિસ્તાર છે. એવામાં સવાલ એ ઉઠે છે કે, આખરે સાચો જવાબ શું છે?

આ સવાલનો સાચો જવાબ વેલ્સ (Wales) છે. આ દેશ ગ્રેટ બ્રિટનના પશ્ચિમ ભાગમાં આવેલો છે અને યૂનાઇટેડ કિંગડમ (UK)ના ચાર દેશોમાંથી એક છે. જો કે એક ખાસ વાત સમજવી જરૂરી છે કે વેલ્સ સામાન્ય બોલચાલમાં દેશ કહી શકાય, પરંતુ તે સ્વતંત્ર સંપ્રભુ રાષ્ટ્ર નથી. તે ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને નોર્થ આયરલેન્ડની સાથે યૂનાઇટેડ કિંગડમનો ભાગ છે.

વેલ્સની જનસંખ્યા આશરે 31 લાખ છે. આ જગ્યા પોતાના સુંદર દરિયાકિનારા, ઊંચા પર્વતો અને પ્રાકૃતિક દ્રશ્યો માટે જાણીતી છે. અહીંની પોતાની ભાષા વેલ્શ પણ છે, જેને સ્થાનિક લોકો સિમરાએગ (Cymraeg) કહે છે. તેને યૂરોપની જૂની જીવંત ભાષાઓમાંથી એક માનવામાં આવે છે. વેલ્સની સંસ્કૃતિ, ઇતિહાસ અને પરંપરાગત સંગીત પણ તેને ખાસ ઓળખ આપે છે.

ઘણાં લોકો વેસ્ટ ઇન્ડિઝને એક દેશ સમજી લે છે, જ્યારે એવું નથી. વેસ્ટ ઇન્ડિઝ કેરેબિયન વિસ્તારમાં આવેલા ઘણાં સ્વતંત્ર દેશો અને નિર્ભર ક્ષેત્રોનો સમૂહ છે. તેમાં ગ્રેટર એન્ટિલીઝ, લેસર એન્ટિલીઝ, લુકાયન દ્વીપસમૂહ સામેલ છે. બહામાસ પણ આ વિસ્તારનો ભાગ છે. વેસ્ટ ઇન્ડિઝમાં જમૈકા, બાર્બાડોસ, ત્રિનિદાદ અને ટોબેગો જેવા સ્વતંત્ર દેશ પણ સામેલ છે. આ ઉપરાંત અહીં ઘણાં એવા દ્વીપ અને ક્ષેત્ર પણ છે, જે બીજા દેશોને આધીન છે. એટલે વેસ્ટ ઇન્ડિઝને એક દેશ કહેવો યોગ્ય ગણાશે નહીં.

બર્થ ડે

નામ : પ્રાંન્શી ઘાડવે
માતા : દર્શિતા ઘાડવે

નામ : જીવીકા પરમાર
માતા : નૈના પરમાર

રસ્તો શોધો



તફાવત શોધો

ટપકાં જોડો



PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

1)	7		2		5		6	=	16
2)	7		2		5		6	=	15
3)	7		2		5		6	=	24

CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

L	A	D
B	I	G

CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

7		
9		2

વર્તુળો: 25, 18, 22, 10

BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને લશ્કરને સંબંધિત 7 શબ્દોના નામ બનાવો

RRY	SS	ER	EEN	FI
OF	FO	MA	CER	SE
GR	LO	EX	ME	OD
CI	RCH			

ચાવી	શબ્દો
4 અક્ષર	2
5 અક્ષર	3
7 અક્ષર	1
8 અક્ષર	1

જવાબ
FOOD
MESS
GREEN
LORRY
MARCH
OFFICER
EXERCISE

જવાબો

Q1

1)	7	-	2	+	5	+	6	=	16
2)	7	×	2	-	5	+	6	=	15
3)	7	+	2	-	5	×	6	=	24

Q2

L	A	D
B	A	D
B	A	G
B	I	G

Q3

7	8	5
6	4	1
9	3	2

વર્તુળો: 25, 18, 22, 10

શબ્દો શોધો

Summer word search

K	S	A	N	D	A	L	S	F	M	U	K	T	Q
X	U	T	I	T	X	H	O	T	L	K	W	R	N
V	N	C	C	A	M	P	F	I	R	E	I	A	S
P	G	P	E	M	P	N	E	Z	P	C	K	V	D
R	L	R	C	B	Q	P	S	K	H	A	T	E	H
N	A	J	R	M	E	S	C	M	U	B	R	L	A
A	S	Y	E	A	N	L	S	H	E	L	L	K	J
P	S	P	A	W	L	I	C	A	J	F	C	S	K
O	E	I	M	A	C	A	M	P	I	N	G	U	F
O	S	C	B	D	U	R	O	J	Y	X	O	N	H
L	F	N	J	L	X	N	B	D	M	F	B	O	K
Y	L	I	A	A	T	V	A	C	A	T	I	O	N
N	M	C	Z	K	B	E	A	C	H	T	D	N	E
G	Y	L	R	D	I	S	B	M	P	K	A	S	G